કપડવંજમાં પાણીની સમસ્યા હલ કરવા મહી ઉદવહન સિંચાઈ યોજના હેઠળ તળાવો ભરાશે

# કપડવંજના વિરાણીયામાં તળાવ ભરવાનું પ્રથમ ટેસ્ટિંગ સફળ થયું

**કપડવંજના** વિરાણીયામાં પાણીના વધામણાં, ખેતી અને પશુપાલન ક્ષેત્રે મોટો લાભ મળશે

(પ્રતિનિધિ) કપડવંજ તા.15
કપડવંજ તાલુકાના વિરાણીયા ગામે મહી ઉદવહન સિંચાઈ યોજના અંતર્ગત તળાવ ભરવાની યોજનાનું પ્રથમ ટેસ્ટિંગ સફળતાપૂર્વક હાથ ધરાયું છે. લાંબા સમયથી પ્રવર્તતી પાણીની સમસ્યાના ઉકેલ રૂપે તળાવમાં પાણી આવતા જ સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ છવાયો હતો.



કપડવંજના વિરાણીયા ગામે હાથ ધરવામાં આવેલા આ ટેસ્ટિંગ સફળ રહેતા ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ યોજના અમલમાં આવવાથી સ્થાનિકોને પાણીની સુવિધામાં મોટી રાહત મળશે. ખાસ કરીને કૃષિ અને પશુપાલન સાથે સંકળાયેલા પરિવારોને આ સિંચાઈ યોજનાથી સીધો આર્થિક લાભ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. ગ્રામજનોની વર્ષો જૂની માંગણી સંતોષાતા, લોકોએ પંચમહાલના સાંસદ, બાલાસિનોર વિસ્તારના ધારાસભ્ય તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા તેમની લાગણીઓને માન આપીને આ મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરવામાં આવતા હવે વિસ્તારના વિકાસને એક નવી દિશા અને વેગ મળશે.

## સોજીત્રામાં વરલી મટકાના જુગાર ઝબ્બે

(પ્રતિનિધિ) આણંદ તા.15
સોજીત્રાના દેવા તળપદ ગામના મહાદેવ ફળિયામાં ચાલતા વરલી મટકાની જુગાર મહેફીલ પર એલસીબીએ રેડ પાડી હતી. જેમાં એક ગુનાખોરને રંગેહાથ ઝડપીને રૂ.3750નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.
આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે સોજીત્રાના દેવા તળપદ ગામમાં ચાલી રહેલા જુગારખાના પર દરોડો પાડી એક શખ્સને રોકડ રકમ સાથે ઝડપી પાડ્યો છે. એલસીબીએ બાતમી આધારે નરેશ રમેશભાઇ ગોહેલના ઘરે દરોડો પાડ્યો હતો. જ્યાં ખુલ્લી જગ્યામાં વરલી મટકાનો જુગાર ધમધમતો હતો. દરોડા દરમિયાન પોલીસે નરેશ ગોહેલને દબોચી લીધો હતો. જેની પાસેથી રૂ. 3750ની રોકડ, સ્લિપબુક સહિત સાહિત્ય કબજે કર્યું હતું. જોકે, એક શખ્સ ફરાર થઈ ગયો હતો. જે અંગે સોજીત્રા પોલીસ સ્ટેશન ગુનો નોંધવામાં આવ્યો હતો.

## ઉમરેઠમાં કલેક્ટરે દીવાલ ચિત્રમાં રંગ પૂરી મતદાન માટે પ્રેરણા આપી




આણંદ જિલ્લાના ઉમરેઠ વિધાનસભા મતદાર વિભાગની પેટાચૂંટણી અન્વયે 23મી એપ્રિલે યોજનારા મતદાનમાં લોકો વધુમાં વધુ ભાગ લે તે માટે 'સ્વીપ' અંતર્ગત વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે ઉમરેઠ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણ ચૌધરીએ ઈપ્કોવાલા ફાઈન એન્ડ આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા બીઆરસી ભવનની દીવાલ પર તૈયાર કરાયેલ વોલ પેઈન્ટીંગમાં જાતે રંગ પૂરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. આ પ્રસંગે તેમણે 'મારો મત, મારો અધિકાર'ના મંત્ર સાથે મતદારોને લોકશાહીના પર્વમાં સહભાગી થઈ અચૂક મતદાન કરવા અનુરોધ કર્યો હતો. ઉમરેઠ મતદાર વિભાગના 46 જેટલા ગામોમાં 19મી એપ્રિલ સુધી આ પ્રકારે મતદાર જાગૃતિની મુહિમ ચલાવવામાં આવશે.

## આણંદ : થાંભલા સાથે બાઈક અથડાતા યુવકનું કરુણ મોત

**નડિયાદનો યુવક** સ્નૂકર રમીને પરત ફરી રહ્યો હતો તે સમયે અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.15
આણંદના બોરીયાવી - કણજરી બ્રિજ પાસે વહેલી સવારે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં એક યુવકનું મોત નિપજ્યું હતું.
નડીયાદથી પાંચ મિત્રો આણંદ ખાતે સ્નૂકર રમવા માટે આવ્યા હતા. વહેલી સવારે તેઓ પોતાની મોટરસાયકલ પર પરત ફરી રહ્યા હતા ત્યારે બોરિયાવી કણજરી બ્રિજ પાસેથી પસાર થતા 'સમર્થ કોર્નર' આગળ એક વળાંકમાં અકસ્માત નડ્યો હતો. વહેલી સવારના અંધારામાં વળાંકનો અંદાજ ન આવતા પુરઝડપે જતી એન્ફિલ્ડ મોટરસાયકલ રોડની સાઈડમાં ઉતરી ગઈ હતી અને ત્યાં પડેલા સિમેન્ટના થાંભલાના ઢગલા સાથે જોરદાર રીતે અથડાઈ હતી.
આ અકસ્માતમાં મોટરસાયકલ ચાલક યશ જલાભાઈ દેસાઈ (ઉં.વ. 26) ને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈકની પાછળ બેઠેલા તેમના મિત્ર અયાઝભાઈ મેમણને ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત બાદ મૃતકના મિત્ર અયાઝભાઈ મેમણે આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે પોલીસે મૃતક ચાલક સામે અકસ્માત અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રોગચાળો ફાટી નીકળવાની ભીતિ | અગાઉ કમળા જેવા રોગ બાદ પણ તંત્ર નિંદ્રાધીન

# વીરપુરના પ્રજાપતિ ફળિયામાં પીવાના પાણીમાં ગટરનું પાણી ભળતા ઉગ્ર રોષ

**ગ્રામ પંચાયતની** ઘોર બેદરકારી સામે રહીશોની ઉગ્ર રજૂઆત

(પ્રતિનિધિ) વીરપુર તા.15
મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકા મથકે આવેલા પ્રજાપતિ ફળિયામાં છેલ્લા ઘણા સમયથી ગ્રામ પંચાયત દ્વારા વિતરણ કરવામાં આવતી પીવાના પાણીની પાઈપલાઈનમાં ગટરના ગંદા પાણી મિક્સ થવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. પીવા લાયક ન રહેલા આ અત્યંત ગંદા અને દુર્ગંધયુક્ત પાણીને કારણે રહીશોના આરોગ્ય સામે મોટું જોખમ ઉભું થયું છે. વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી ન કરાતા રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.
વીરપુરના પ્રજાપતિ ફળિયાના રહીશોએ તાલુકા વિકાસ અધિકારીને પાઠવેલા એક પત્રમાં પોતાની વેદના ઠાલવતા જણાવ્યું છે કે, ફળિયામાં આવતા નળમાં ગટરનું ગંદુ પાણી ભળીને આવે છે, જે પાણી પીવા તો ઠીક પણ ઘરના અન્ય કોઈ કામમાં વાપરવા લાયક પણ રહ્યું નથી.
આ સમસ્યા નવી નથી, અગાઉ પણ આ જ વિસ્તારમાં દૂષિત પાણીને કારણે કમળા જેવા ગંભીર રોગો ફાટી નીકળ્યા હતા અને નાગરિકોનું આરોગ્ય જોખમાયું હતું. તે સમયે જિલ્લા તંત્ર દ્વારા તપાસના આદેશો આપવામાં આવ્યા હોવા છતાં, સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા આજદિન સુધી આ સમસ્યાનું કોઈ કાયમી નિરાકરણ લાવવામાં આવ્યું નથી. પરિણામે આજે ફરીથી રહીશો એ જ નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે.
આ પ્રશ્ને રહીશોએ માત્ર સ્થાનિક સ્તરે જ નહીં, પરંતુ રાજ્યના મુખ્યમંત્રી, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી અને આરોગ્ય અધિકારી સહિતના ઉચ્ચ હોદ્દેદારોને લેખિતમાં જાણ કરી છે. રહીશોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ફરીથી ગંદા પાણીને કારણે કોઈ નાગરિક બીમાર પડશે અથવા રોગચાળો ફેલાશે, તો તેની તમામ જવાબદારી વીરપુર ગ્રામ પંચાયતની રહેશે.
આ રજૂઆતમાં ફળિયાના રહીશો રમેશભાઈ, ગોપાલભાઈ, કૌશિકભાઈ સહિત અનેક જાગૃત નાગરિકોએ સહી કરી ત્વરિત નિકાલની માંગ કરી છે

## લુણાવાડામાં નશામાં ધુત પતિએ પત્નીને ત્રાસ આપ્યો

(પ્રતિનિધિ) મહિસાગર તા. 15
મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના શામણા ગામમાં એક પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ આપવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વડોદરા એસ.ટી. ડેપોમાં કંડક્ટર તરીકે ફરજ બજાવતી સંગીતાબેન મનુભાઈ નામની મહિલાએ તેના પતિ અને દિયર વિરુદ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.
ફરિયાદ મુજબ, સંગીતાબેનના લગ્ન 2013માં શામણાના મનુભાઈ દેવાભાઇ સાથે થયા હતા. લગ્નના બે વર્ષ બાદ પતિ મનુભાઈ દારૂ પીવાની કુટેવના કારણે નાની બાબતોમાં ઝઘડો કરી મારઝૂડ કરતો હતો.
દરમિયાનમાં સંગીતાબેન જ્યારે શાળા પ્રેરક તરીકે નોકરી કરતા અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા, ત્યારે પતિ તેમને અટકાવતો અને શંકા-વહેમ રાખી હેરાન કરતો હતો.
સંગીતાબેન હાલ વડોદરા એસટી ડેપોમાં કંડક્ટર તરીકે નોકરી કરે છે. પરંતુ પતિના ત્રાસથી છેલ્લા એક વર્ષથી પિયરમાં રહે છે. ગત 12મી માર્ચ 2026ના રોજ જ્યારે તેઓ પોતાના ઘરે ગયા, ત્યારે ઘરે તાળું મારેલું હતું. પતિએ ફોન પર ગાળો આપી હતી, જ્યારે દિયર કેતનભાઈએ આ ઘર મારું છે તેમ કહી ઘરમાં પ્રવેશવા માટે પૈસાની માંગણી કરી ધમકાવ્યા હતા. આ અંગે પરણિતાએ પતિ મનુભાઇ દેવાભાઈ તથા દિયર કેતનભાઈ દેવાભાઇ (બન્ને રહે,સમાના સામે) મહિસાગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## બાકરોલની પ્રાથમિક શાળામાં રેવા ફાઉન્ડેશન દ્વારા ઇનામ વિતરણ - સન્માન સમારોહ યોજાયો



**બાકરોલ** | બાકરોલની પ્રાથમિક શાળા નં. 31માં રેવા ફાઉન્ડેશન આણંદ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાર્ષિકોત્સવ દરમિયાન સાંસ્કૃતિક અને અન્ય પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ધોરણ 1થી 8ના વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી ઉપયોગી સ્ટેશનરી કીટ ભેટ આપવામાં આવી હતી. શાળાના આચાર્ય કમલેશભાઈ પ્રજાપતિએ બાળકોને શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું, જ્યારે ફાઉન્ડેશનના સભ્યોએ જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણ માટે હંમેશા કાર્યરત રહેવાની કટિબદ્ધતા દર્શાવી હતી.

## બાયડ એસ.ટી. ડેપોમાં ડો. બાબાસાહેબ આંબેડકર જ્યંતીની ભવ્ય ઉજવણી કરાઇ



**આણંદ** | બાયડ એસ.ટી. ડેપોના તમામ કર્મચારીઓએ સાથે મળીને ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીની અત્યંત ઉત્સાહપૂર્વક અને ભવ્ય રીતે ઉજવણી કરી હતી. આ અવસરે ડેપો ખાતે કેક કાપીને તેમજ હાજર રહેલા લોકોમાં ચોકલેટ અને છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડેપોના જયભીમ ગ્રુપના સભ્યો અને અન્ય કામદાર મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર કાર્યક્રમ 'જય ભીમ'ના નારા અને હર્ષોલ્લાસ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## નડિયાદમાં ડો.બાબાસાહેબ આંબેડકરની 135મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરાઇ



**નડિયાદ** | નડિયાદ શહેરમાં રોહિત ઉત્કર્ષ મંડળ દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકરની 135મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સવારે ભવ્ય બાઇક રેલી યોજી બાબા સાહેબની પ્રતિમાને ફુલહાર કરી સ્મૃતિ વંદન કરાયા હતાં. આ રેલીમાં મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ અને વડીલો જોડાઈને બંધારણના ઘડવૈયાના મહામૂલા યોગદાનને દોહરાવ્યું હતું. રાત્રે મંજીપુરા વિસ્તારમાં સાંસ્કૃતિક વિભાગના સહયોગથી 'ભીમ ગરબા' અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન થયું હતું. કાંતિભાઈ પરમાર અને અન્ય અગ્રણીઓના વિશેષ સહયોગથી આ સમગ્ર મહોત્સવ ખૂબ જ ઉત્સાહભેર સફળ રહ્યો હતો.

## કપડવંજમાં ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો



**કપડવંજ** | કપડવંજ ટાઉનહોલ પાસે આવેલી ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન કપડવંજ તાલુકા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ (અનુસૂચિત જાતિ અને જનજાતિ) દ્વારા કરવામાં આવ્યું હતું. 135મી જન્મજયંતી પ્રસંગે ઉપસ્થિત સૌએ ભારત રત્ન અને વિશ્વવિભૂતિ એવા મહામાનવ પ્રત્યે પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં મંડળના સભ્યો અને અગ્રણીઓ દ્વારા ડો. આંબેડકરના જીવન અને કાર્યોને યાદ કરી અંજલિ આપવામાં આવી હતી.

## કપડવંજ અર્બન હેલ્થ સેન્ટર ખાતે 'ટીબી મુક્ત ભારત' અભિયાન હેઠળ 135ના એક્સ-રે કરાયા



કપડવંજ | પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન 2.0 અંતર્ગત કપડવંજ અર્બન હેલ્થ સેન્ટર ખાતે જિલ્લા ક્ષય કેન્દ્રના સહયોગથી હેન્ડ હેલ્ડ એક્સ-રે કેમ્પ યોજાયો હતો. આ શિબિરમાં કુલ 135 વ્યક્તિઓના એક્સ-રે કરવામાં આવ્યા, જેમાં મુખ્યત્વે ટીબીના દર્દીઓના સંપર્કવાળા લોકો, વરિષ્ઠ નાગરિકો અને ડાયાબિટીસના દર્દીઓ સામેલ હતા. એક્સ-રેની સાથે NCD સ્ક્રિનિંગ અને Hb ચેકઅપ જેવી આરોગ્ય સેવાઓ પણ પૂરી પાડવામાં આવી હતી. તપાસ બાદ દર્દીઓને જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું અને ગંભીર લક્ષણો ધરાવતા દર્દીઓ માટે રેફરલની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## કપડવંજમાં આરએસએસ દ્વારા સામાજિક સદભાવ બેઠકનું આયોજન કરાયું



**કપડવંજ** | નડિયાદ વિભાગના કપડવંજ નગરમાં આરએસએસ દ્વારા દશા પોરવાડ પંચની વાડી ખાતે સામાજિક સદભાવ બેઠકનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિવિધ સમાજના અગ્રણીઓએ સમાજમાં ચાલતા સેવા કાર્યો, સુધારવાદી પગલાં અને સમાજ ઉત્થાનના પ્રયાસો અંગે ગહન ચર્ચા કરી હતી. સંવાદ સત્રમાં સંજયભાઈ પટેલે 'સ્વ' ના બિંદુઓ પર સંકલન કર્યું હતું, જેમાં તાલુકા સંઘચાલક ધનસુખભાઈ વાલાણી અને અન્ય હોદ્દેદારો પણ સહભાગી થયા હતા. આ કાર્યક્રમનું સમાપન ભારત માતાની આરતી અને સામૂહિક ભોજન સાથે એક સકારાત્મક વાતાવરણમાં કરવામાં આવ્યું હતું.

## કપડવંજના દહીયપમાં વિશ્વ હોમીયોપેથી દિવસ નિમિત્તે નિદાન-સારવાર કેમ્પ યોજાયો



**કપડવંજ** | કપડવંજ તાલુકાના દહીયપ ગામે સરકારી આયુર્વેદ હોસ્પિટલના સહયોગથી વિશ્વ હોમીયોપેથી દિવસની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આયોજિત કેમ્પમાં હોમીયોપેથી મેડિકલ ઓફિસર ડો. હર્ષદ ઘાટલિયા દ્વારા દર્દીઓની તપાસ કરી વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન નિદાન અને સારવાર ઉપરાંત હોમીયોપેથી વિષય પર પરિસંવાદ યોજીને ગ્રામજનોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કેમ્પનો કુલ 410 જેટલા દર્દીઓએ બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો અને હોમીયોપેથી ચિકિત્સા પદ્ધતિ અંગે જાગૃતિ કેળવી હતી.

## નડિયાદમાં ભારત વિકાસ પરિષદ દ્વારા ફેરિયાઓને સ્ટીલની પાણીની બોટલોનું વિતરણ



**નડિયાદ** | ભારત વિકાસ પરિષદ નડિયાદ શાખા અને ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં સેવા કાર્યક્રમ યોજાયો હતો. કાળઝાળ ગરમીમાં ફેરિયાઓને પ્લાસ્ટિકની બોટલનો ત્યાગ કરી સ્ટીલની બોટલ વાપરવા સમજ આપી ઠંડા પાણીની બોટલોનું વિતરણ કરાયું હતું. હનુમાનજી મંદિર, પીજ ચોકડી, સ્ટેશન રોડ અને આર.ટી.ઓ. જેવા જાહેર માર્ગો પર ફરીને ફેરિયાઓની તરસ છીપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રેડ ક્રોસના ચેરમેન અનુપભાઈ દેસાઈના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં બીવીપીના પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સરદાર પટેલ યુનિ. ખાતે નારી વંદન પરિસંવાદમાં મહિલા નેતૃત્વ હેઠળના વિકાસ પર ભાર અપાયો



**આણંદ** | વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા 'નારી શક્તિ વંદન અધિનિયમ-૨૦૨૩' અંતર્ગત ભવ્ય 'નારી વંદન પરિસંવાદ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ ડો.નિરંજનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા નીતિ નિર્ધારણ અને પંચાયતી રાજમાં મહિલાઓની સક્રિય ભાગીદારી અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. 'વિકસિત ભારત 2047'ના વિઝન સાથે ભારત હવે 'મહિલા વિકાસ'થી આગળ વધીને 'મહિલા નેતૃત્વ હેઠળના વિકાસ' તરફ પ્રયાણ કરી રહ્યું હોવાનું આ પરિસંવાદમાં પ્રતિપાદિત થયું હતું. આ કાર્યક્રમના અંતે આ અધિનિયમના પારદર્શક અમલીકરણ અને રાજકીય ક્ષેત્રે મહિલાઓના અનિવાર્ય ક્વોટા માટેના મહત્વના ઠરાવો પસાર કર્યાં હતાં.

## બાલાસિનોર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ડાયાબિટીસ નિદાન કેમ્પ યોજાયો




**બાલાસિનોર** | બાલાસિનોર લાયન્સ ક્લબ અને રેફરલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કેમ્પમાં કુલ ૯૭ દર્દીઓનું નિદાન કરવામાં આવ્યું હતું. ડો. જ્યોતિબેન અમીન અને ડો. ભક્તિબેન શેઠે દર્દીઓને તપાસીને ડાયાબિટીસ અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કેમ્પના સંયોજક અને લાયન્સ ક્લબના મંત્રી પ્રવિણભાઈ સેવકની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ચારુસેટમાં કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન પર વર્કશોપ યોજાયો




**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીના સિવિલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા ગુજકોસ્ટ અને ગુજરાત સરકારના સહયોગથી વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં BIM, MS પ્રોજેક્ટ અને પાવર BI જેવા આધુનિક ડિજિટલ ટૂલ્સ દ્વારા બાંધકામ ક્ષેત્રે પ્રોજેક્ટ આયોજન અને કાર્યક્ષમતા વધારવા અંગે સઘન માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં BVM, CEPT અને વિવિધ સંસ્થાઓના નિષ્ણાતોએ ઉપસ્થિત રહી 40થી વધુ વિદ્યાર્થીઓને ડેટા-ડ્રિવન પ્રોજેક્ટ કંટ્રોલ અને મોનિટરિંગ અંગે પ્રાયોગિક તાલીમ પૂરી પાડી હતી.